CC NO. 373/ 2022

**<u>મે.વલસાડ ખાતેનાં મજુર અદાલતના પ્રિસાઈડીંગ ઓફિસર તથા જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ સાહેબ સમક્ષ, મુ. વલસાડ.</u>**

**<u>ફોજદારી કેસ નં.૩૭૩/૨૦૨૨.</u>**
**આંક:–૦૭.**

<u>ફરીયાદી:–</u> રાજય સરકારશ્રી વતી શ્રી એચ.પી.રાઉત, નિરીક્ષક,
બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કસ એકટ, વલસાડ,
નાયબ નિયામક, ઔધોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરી,
પાંચમો માળ, જીલ્લા સેવા સદન–ર, બ્લોક–એ,
જલારામ મંદિર રોડ, વલસાડ.

**<u>–: વિરૂધ્ધ :–</u>**

<u>આરોપી:–</u> (૧) **શ્રી અશ્વિનભાઈ પટેલ – એમ્પ્લોયર (ભાગીદાર/કબ્જેદારશ્રી),**
સરનામું : ''મંગલદીપ આર્કેડ'',
સર્વે નં.–૬૦૭/૧/પૈકી, કરવડ, વાપી.

(ર) **એમ.ડી ઈન્ફ્રા– સંસ્થા,**
સરનામું : ''દ્વારકાધીશ એપાર્ટમેન્ટ'',ચણોદ ગેટ, ચણોદ, વાપી.
બાંધકામ સાઈટ: ''મંગલદીપ આર્કેડ'',
સર્વે નં.–૬૦૭/૧/પૈકી, કરવડ, વાપી.

**<u>ગુનો :–ધી ગુજરાત બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કર્સ (રેગ્યુલેશન ઓફ એમ્પલોયમેન્ટ એન્ડ કન્ડીશન્સ ઓફ સર્વિસ) રૂલ્સ–ર૦૦૩ ના નિયમ–૮૪ ના ભંગ બાબત.</u>**

**<u>–: ચુ કા દો :–</u>**

(૧) આ કામના ફરીયાદીની ફરીયાદની ટુંકમાં હકીકત એવી છે કે, આ કેસના આરોપીઓના બાંધકામ સાઈટ પર તા.૦૮/૦૬/ર૦રર ના રોજ મુલાકાત લીધી હતી. મકાન તથા અન્ય બાંધકામ પ્રવૃત્તિ કરતા તમામ માલિકો/કોન્ટ્રાકટરોએ તેઓએ બાંધકામ સંસ્થા પર રોકેલ બાંધકામ શ્રમયોગીઓની સેફટી માટે જરૂર જણાય તેવા વ્યકિતગત સંરક્ષણાત્મક સાધનો જેવા કે હેલ્મેટ, સેફટી બુટ, હેન્ડ ગ્લોઝ, સેફટી ગોગલ્સ વગેરે ઈન્ડિયન સ્ટાન્ડર્ડ મુજબના પુરા પાડવા તથા તે પહેરીને જ શ્રમયોગીઓ કામ કરે તેનું ખાસ ઘ્યાન રાખવું જોઈએ પરંતુ મારી તપાસ મુલાકાતમાં બાંધકામ પ્રવૃત્તિમાં રોકાયેલ શ્રમિક કુલકુમાર રિષીને આવા સંરક્ષણાત્મક સાધનો જેવા કે હેલ્મેટ, સ ેફટી બુટ, હેન્ડ ગ્લોઝ, સેફટી ગોગલ્સ વગેરે અપાયેલ ન હતા. આમ કરીને બાંધકામ સાઈટના સંસ્થાના માલિકે ધી ગુજરાત બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કર્સ (રેગ્યુલેશન ઓફ એમ્પલોયમેન્ટ એન્ડ કન્ડીશન્સ ઓફ સર્વિસ) રૂલ્સ–ર૦૦૩ના નિયમ–૮૪ની જોગવાઈઓનો ભંગ કરેલ છે.

(ર) આરોપીને સમન્સ બજી જતાં આરોપી આજરોજ નામદાર કોર્ટ સમક્ષ હાજર થતાં, તેઓએ ગુનાની કબુલાત પુરશીસ આંક–૦પ થી રજુ રાખેલ છે અને તેમા જણાવ્યા મુજબ તેઓ સ્વૈચ્છીક રીતે પોતાનો ગુનો કબુલ છે, તેમજ

ભવિષ્યમાં આવો ગુનો ફરીથી નહીં કરે તેવી ખાત્રી આપેલ છે અને તેનો પ્રથમ ગુનો હોય રહેમ રાખી ઓછામાં ઓછી શિક્ષા કરવા અરજ કરેલ છે.

(૩) આરોપી તરફે ગુન્હાની કબુલાત પુરશીસ રજુ કરતા તેમને સમજાવવામાં આવેલ કે તેઓ ગુન્હો કબુલ કરવા બંધાયેલ નથી અને તેઓ ગુન્હો કબુલ કરશે તો આવી કબુલાત તેઓ વિરૂધ્ધ પુરાવા તરીકે ઉપયોગમાં લેવાશે, આમ છતાં આરોપી પોતાને ગુન્હો કબુલ હોવાનું જણાવેલ છે. ત્યારબાદ આરોપીની આંક–૦૬ થી પ્લી રેકર્ડ કરવામાં આવતા તેમાં પણ આરોપીએ પોતાની સામેનો ગુન્હો કબુલ હોવાનું જણાવેલ છે. આમ આરોપી સ્વૈચ્છિક રીતે પોતાનો ગુન્હો કબુલ કરતા હોવાનું જણાય છે.

(૪) ઉપરોકત રજુઆત તથા કેસની હકીકત ઘ્યાનમાં લેતાં તેમજ આરોપીઓનો આ પ્રથમ ગુનો હોય અને તેને કરેલ રજુઆત મુજબ તેનાં ઉપર સમગ્ર કુટુંબની જવાબદારી હોય અને આરોપીને પોતાના ગુન્હા બદલ પારાવાર પસ્તાવો થયેલ હોય આરોપીને શિક્ષાત્મક સજા કરવાને બદલે દંડાત્મક શિક્ષા કરવામાં આવશે તો ન્યાયનો હેતુ જળવાઈ રહેશે તેવું અત્રેની કોર્ટનું માનવુ છે. સવિશેષ નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદજી ઠાકોર રીર્પોર્ટેડ ઈન ૨૦૦૫(૧) જી.એલ.આર.પાનું–૭૦૯ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમાં લેતાં, હાલના આરોપી વિરૂધ્ધ ગુનો સાબિત થયેલ છે. તેમજ તેની રજુઆતને ઘ્યાનમાં લઈ નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**–:: <u>આખરી હુકમ</u> ::–**

(૧) આ કામના આરોપી નં.૧. અશ્વિનભાઈ પટેલ એમ્પલોયર અને સંસ્થા વતી આરોપી નં.૨ એમ બન્નેને એમ બન્નેને ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ–૨૫૨ અન્વયે ધી ગુજરાત બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કસ (રેગ્યુલેશન ઓફ એમ્પલોયમેન્ટ એન્ડ કન્ડીશન્સ ઓફ રૂલ્સ–૨૦૦૩) ના નિયમ–૮૪ ના ઉલ્લંઘન બદલ સદર એકટની કલમ–૪૭ અન્વયે શિક્ષાપાત્ર ગુન્હા માટે તકસીરવાર ઠરાવી રૂા.૧,૦૦૦/–નો દંડ કરવામાં આવે છે. આ કામે આરોપી અને સંસ્થા એટલે રૂા.૧૦૦૦×૨ એટલે કે કુલ રૂા.૨,૦૦૦/– (અંકે રૂપિયા બે હજાર પુરા) નો દંડ ભરવા આથી હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ભરવામાં કસુર કરે તો તે આરોપીએ દિન–૧૦ ની સાદી કેદની સજા ભોગવવી.

(૨) આ કામે આરોપીએ કુલ રૂા.૨,૦૦૦/– (અંકે રૂપિયા બે હજાર પુરા) દંડ ભરવો.

આ ઠરાવ આજ તા.૨૪ મી માહે માર્ચ સને–૨૦૨૩ ના રોજ વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ:વલસાડ
તારીખ:૨૪/૦૩/૨૦૨૩.

(એમ.એલ.ચોથાણી)
Code:GJ01438
પ્રિસાઈડીંગ ઓફિસર તથા
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
મજુર અદાલત, વલસાડ.